Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# હળવદ શહેરના પાળિયાની ઐતીહાસિક રૂપરેખા

ડૉ.વર્ષા કે.વાળા
[મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૨) (ઇતિહાસ) સરકારી વિનયન કૉલેજ વલ્લભીપુર જી,ભાવનગર]

**સારઃ-**

ગુજરાતમાં સદ્‌ગત વ્યક્તિની સ્મૃતિરૂપે માંડવામાં આવતા પાળિયા ગુજરાતની કલા સંસ્કૃતિ અને લોકસંસ્કૃતિના પ્રતિક છે. ગુજરાતમાં મોરબી જિલ્લામાં સ્થિત હળવદશહેર ‘પાળિયાઓના નગર’ તરીકે જાણીતું છે.

હળવદ શહેરમાં શૌર્ય અને વીરતા દાખવી મૃત્યુ પામનાર શૂરવીરો અને તેની પાછળ સતી થનાર વિરાંગનાઓના પાળિયાઓ ઠેક-ઠેકાણે દ્રષ્ટિગોચર થાય છે. આજે પણ સમાજમાં આ પાળિયાઓની ‘લોકદેવ’ તરીકે પૂજા થાય છે.

હળવદ શહેરના લોકસંસ્કૃતિના પ્રતિકસમા પાળિયાઓના અભ્યાસ પરથી પ્રાપ્ત ઐતિહાસિક માહિતીના આધારે રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ઇતિહાસની જાણકારી પ્રાપ્ત થાય છે. વળી પાળિયા પરથી પ્રાપ્ત ઐતિહાસિક માહિતી ઇતિહાસની ખૂટતી માહિતીના કડીરૂપ છે.

## ❖ પ્રસ્તાવના

ગુજરાતની કલા સંસ્કૃતિ સમગ્ર ભારતમાં અનેક રીતે પ્રખ્યાત છે. કોઇને કોઇ સ્વરૂપમાં સદગત વ્યક્તિની સ્મૃતિની જાણવણી માટે સ્મારક મૂકવાની પ્રથા ગુજરાતમાં ઘણી પ્રાચીન છે. ગુજરાતમાં મૃત્યુના સ્મારક પાળિયા પ્રથા તેમાંથી જ ઉદભવી હોવાનું જણાય છે. ગુજરાતમાં શૌર્ય અને વીરતાના પ્રતિકરૂપ પાળિયા ઠેક-ઠેકાણે દ્રષ્ટિગોચર થાય છે. વ્યક્તિ, ગામ કે સમાજ માટે શૌર્ય દાખવી વીરગતિ પામનારના પાળિયા મૂકવાની પ્રથા મધ્યકાલીન સમયમાં સૌથી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આજની સ્થિતિએ જોઇએ તો ગુજરાતમાં કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં પાળિયા મોજુદ છે. હાલનાં સમયમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં અમુક જાતિઓમાં પાળિયા પ્રથા રૂઢ થવા પામી છે. આજે પણ પરંપરાગત રીતે અમુક જાતિઓમાં મૃત વ્યક્તિઓની ખાંભીઓ માંડવામાં આવે છે. વળી, પાળિયાપ્રથા સાથે સમાજમાં સામાજિક અને ધાર્મિક પરંપરાઓ સંકળાયેલી જોવા મળે છે.

## ❖ પાળિયા શબ્દની પરિભાષા

પાળિયાની પરિભાષા અનેક રીતે આપવામાં આવી છે. પાળિયા માટે ખાંભો કે ખાંભી, યસ્ટિ, લાટ, ઠેસ, સૂરધન, શૂરાપૂરા, પોરસો જેવા શબ્દોના પ્રયોજન થાય છે.

ભગવદ ગોમંડળમાં પાળિયા શબ્દની ઉત્પતિ સંસ્કૃત શબ્દ ‘પાલિત’ અને પ્રાકૃત શબ્દ ‘પાલિય’માંથી ગુજરાતી શબ્દ પાળિયો ઉતરી આવ્યો તેમ જણાવી તેના જુદા જુદા અર્થ આપવામાં આવ્યા છે.

"કોઇપણ પરાક્રમ કરીને મરણ પામેલ શૂરવીર અને સતીઓની યાદગીરીમાં તેની સમાધિ ઉપર ચણવામાં આવેલી દેરી અથવા લેખ સાથે ખોડેલો પથ્થર, ખાંભી કે પાળિયા એવો અર્થ થાય છે."[૧]

પાળિયા શબ્દ પાલક, પાળો, પાલ, પદચિન્હ, પદાતિ, પુષ્કલકઃ ઉપરથી ઉતરી આવ્યો હોવાના અનુમાનો પણ થયા છે.

પાળિયા માટે ખાંભો કે ખાંભી શબ્દ પ્રયોજન પણ થાય છે. ખાંભી શબ્દની વ્યુત્પતિ સંસ્કૃત શબ્દ 'સ્થુણા' દર્શાવેલ છે. સ્થુણા શબ્દ પરથી સ્તંભ અને સ્તંભ શબ્દ પરથી ખંભ કે ખાંભી શબ્દ આવ્યો હશે.[૨]

પાળિયા શબ્દની વ્યુત્પતિ અને શબ્દ પ્રયોજનમાં ઘણી ભિન્નતા રહેલી છે. છતાંપણ એક વાત નિશ્ચિત છે કે કોઇને કોઇ વ્યક્તિ, કુટુંબ કે સમાજ માટે પ્રાણ ત્યાગ કરનાર દિવંગત સ્વજનની યાદગીરી માટે પાળિયાઓ નિર્માણ થતા હતા.

❖ **હળવદની પાળિયા સંસ્કૃતિ**

ગુજરાતના સૌરાષ્ટ્રપ્રદેશના નવરચિત મોરબી જિલ્લામાં સ્થિત હળવદશહેર પાળિયાના નગર તરીકે જાણીતું છે. હળવદમાં રાજકુળ અને જનક્ષત્રીય મોચી સમાજના શૂરવીરો અને સતીઓના પાળિયા, સોની જ્ઞાતિના સતીઓના પાળિયા અને દેરીયું મોજુદ છે. રાજના રક્ષણ માટે, ગૌરક્ષા માટે, સ્ત્રીઓની આબરૂ બચાવવા માટે પોતાનો પ્રાણ ત્યાગ કરનાર શૂરવીરો તેની પાછળ સતી થનાર સ્ત્રીઓના પાળિયા આજે પણ પૂજનીય છે.

❖ **હળવદનું નામાભિધાન**

પૌરાણિક માન્યતા અનુસાર યદુકુળભૂષણ ભગવાન શ્રી કૃષ્ણના વડીલબંધુ હળધરજીના (બલરામજી) નામ પરથી ગામનું નામ હળવદ પડ્યું. કારણ કે ભગવાન શ્રી કૃષ્ણ સહિત યાદવો મથુરા છોડી દ્વારકા જતા હતા, ત્યારે આ સ્થળે રાત્રી રોકાણ કરેલ.

કાઠિયાવાડ સર્વસંગ્રહમાં દર્શાવેલ નોંધ અનુસાર આ ગામનો વસવાટ હળવત્ અર્થાત હળ જેવો હોવાથી ગામનું નામ હળવદ પડ્યું હશે. હળ જેવો આકાર ધરાવતું નગર એટલે હળવદ.[3]

❖ **હળવદનો રાજકિય ઇતિહાસ**

આઝાદી પૂર્વે હળવદ નગર ઝાલાવંશની રાજધાની હતી. હરપાલદેવ મકવાણાના વંશજો હાલના નગરપારકરના થળા તાલુકાના કરેંતીગઢમાં રાજધાની રાખી શાસન કરતા હતા. પરંતુ રાજ્ય પર વિકટ પરિસ્થિતિ આવતા હરપાલદેવ મકવાણાએ ગુજરાતમાં આગહિલવાડ પાટણમાં કર્ણદેવ સોલંકીનો આશ્રય લીધો.[૪] કર્ણદેવ સોલંકીએ હરપાલદેવની સેવાથી પ્રસન્ન થઇ સૌરાષ્ટ્રના કેટલાક ગામ ભેટ આપ્યા. હરપાલદેવ મકવાણાએ ઇ.સ.૧૦૯૦માં પાટડીમાં (જિ.સુરેન્દ્રનગર) સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. તેમનો વંશ સૌરાષ્ટ્રમાં 'ઝાલાવંશ' તરીકે જાણીતો બન્યો. સૌરાષ્ટ્રમાં ઝાલાવંશને આધિન પ્રદેશ 'ઝાલાવાડ' તરીકે જાણીતો બન્યો. પાટડીમાં વારંવાર થતા આક્રમણના કારણે ઝાલાવંશના વંશજોએ રાજધાનીના રક્ષણાર્થે અનુક્રમ પાટડીથી માંડલ, કંકાવટી, હળવદ અને ધ્રાંગધ્રા રાજધાની ખસેડી હતી.

ઝાલાવંશના વંશજ રાજોધરજીએ ઇ.સ.૧૪૮૮ (સંવત ૧૫૪૪ મહાવદ સોમવારે) હળવદમાં રાજધાની સ્થાપી હતી. હળવદ રાજ્યમાં ઇ.સ.૧૪૮૮ થી ઇ.સ.૧૭૩૦ સુધી ઝાલાવંશની રાજધાની રહી.[૫] હળવદ રાજ્યમાં ઝાલાવંશના ૧૨ શાસનકર્તાઓએ ૨૫૯ વર્ષ શાસન કર્યું. સમગ્ર ઝાલાવાડ પ્રદેશમાં સૌથી વધારે યુધ્ધો હળવદની ધરતી પર થયા હતા.[૬]

❖ **હળવદ શહેરના પાળિયા**

⇨ **રાજેશ્વર સ્મશાનના પાળિયા**

હળવદના રાજેશ્વર સ્મશાનમાં શૂરવીરો અને સતીઓના પાળિયા મોજુદ છે. હળવદના પાળિયાઓનું રાજેશ્વર સ્મશાન 'જાગતું સ્મશાન' તરીકે પણ ઓળખાય છે. આ સ્મશાનમાં રાજપરિવારના સભ્યો વીરતા દાખવી યુધ્ધમાં મૃત્યુ પામ્યા હોય તેમના પાળિયા અને તેમની સાથે સતી થયેલી વીરાંગનાઓની ખાંભીઓ આવેલી છે. આ પાળિયાઓ ઉપર શિખરબંધ છત્રીઓ પણ બાંધવામાં આવેલ છે. આ છત્રીઓના શિખરભાગ શંકુ આકારે અને કાંગરાયુક્ત છે. શિખરો પર કાંગરા અને સ્તંભો પર પણ અલંકૃત ફૂલભાત અને સાંકળનું અલંકરણ છે. આ છત્રીઓમાં મોટી છત્રી ૧૬ x ૧૦ મીટર અને નાની છત્રીઓ ૩ x ૩ મીટર પહોળાઇ ધરાવે છે. સૌથી મોટી છત્રી ૨૮ સ્તંભ અને નાની છત્રીઓ ચાર સ્તંભ છે. હાલ સ્મશાનમાં લગભગ ૫૦ જેટલી છત્રીઓ અને ૮૦ જેટલા પાળિયાઓ છે.

ગુજરાત પુરાતત્વ વિભાગ દ્વારા હળવદના પાળિયા સ્મશાનને ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત સ્મારક તરીકે જાહેર કરેલ છે.

હળવદના રાજેશ્વર સ્મશાન પાસે મેદાનમાં પણ શૂરવીરો અને સતીઓનાં અંદાજિત ૩૩ જેટલા પાળિયા મોજુદ છે. કેટલાક પાળિયાઓ શિખરબંધ છત્રીઓ યુક્ત છે, તો કેટલાક પાળિયા ઉંચા ઓટલા પર માંડવામાં આવેલ છે. સતીઓની કેટલીક ખાંભીઓ પર દેરીયું પણ બાંધવામાં આવેલ છે.

⇨ **હળવદના મોચી જ્ઞાતિના પાળિયા**

હળવદના રેલ્વે સ્ટેશન પાસે મોચી સમાજના સ્મશાનમાં મોચી સમાજના શૂરવીરો, શૂરાપૂરા અને સતીઓની ૮૧ ખાંભીઓ મોજુદ છે. મોચી સમાજના સોનાગ્રા ચૌહાણ, ગોહેલ, પેડુકા ચૌહાણ, ઝાલા મકવાણા, દારૂકા પરમાર, ટોયા પરમાર, સમધાણી ચૌહાણ પરિવારના પાળિયાઓ છે. કેટલાક પાળિયાઓ પર આ પરિવારો દ્વારા દેરીયું પણ બાંધવામાં આવી છે. આ પાળિયાઓમાં કુંવારીસતીનો પાળિયો પ્રખ્યાત છે. જેના પર દેરી બાંધવામાં આવેલ છે. તેની પૂજાવિધિ પણ કરવામાં આવે છે..

⇨ **સોની જ્ઞાતિના સતીઓના પાળિયા**

હળવદ થી રાણકપર ગામ તરફ જતા પશ્ચિમબાજુએ સોની જ્ઞાતિના સતીઓની ખાંભીઓ અને દેરીઓ દ્રષ્ટિગોચર થાય છે. જેમાં રાણપરા, ઝિંઝુવાડીયા, ફીચડીયા, કોઢીયા, વાગડીયા પારેખ, માંડલીયા, હળવદીયા પાટડીયા, ચાંપાનેરી, જાંબુકીયા, મેથાણીયા પાટડીયા પરિવારના સતીની ખાંભીઓ છે.

❖ **હળવદના પાળિયાનું શિલ્પ સ્થાપત્ય**

લોકશિલ્પ એટલે સાધારણ જન સમાજનું શિલ્પ. આ લોકશિલ્પની ઝાંખી પાળિયા અને ખાંભીઓ પર પણ જોવા મળે છે. પાળિયાની શિલ્પ સ્થાપત્યની દ્રષ્ટિએ સામાન્યતઃ સૌરાષ્ટ્રના પાળિયાનું મોટેભાગે શિલ્પ સ્થાપત્ય સમાન કોતરણી ધરાવતું હોવા છતાં તેમાં પ્રદેશ, જ્ઞાતિ, સમય, ઘટના, માપ, પ્રતિકો, આયુધો, પહેરવેશ, ભૌમિતિક ડિઝાઇનમાં થોડેઘણે અંશે વિવિધતા જોવા મળે છે. પાળિયાના શિલ્પ સ્થાપત્યને ત્રણ વિભાગમાં જોઇ શકાય છે. મથાળે અર્થાત શિખરભાગે સૂર્ય-ચંદ્રના પ્રતિકો, મધ્ય ફલક પર મુખ્ય શિલ્પ અને નિમ્ન ફલક પર લેખ કોતરવામાં આવે છે.

ગુજરાતમાં સૌરાષ્ટ્ર પ્રદેશમાં સામાન્ય રીતે પથ્થરમાંથી પાળિયા ઘડવામાં આવેલ છે. હળવદ શહેરના પાળિયાઓ લાલ રેતિયાળ પથ્થર (સેન્ડસ્ટોન)માંથી બનાવેલા છે. કારણ કે આ વિસ્તારમાં આ પથ્થર સરળતાથી ઉપલબ્ધ થાય છે. હળવદ શહેરના પાળિયા મોટેભાગે ૬૨ x ૧૯, ૩૭ x ૧૭, ૪૫ x ૧૭, ૩૬ x ૧૫, ૩૦ x ૧૬, ૨૯ x ૧૭ ઇંચ-લંબાઇ-પહોળાઇ ધરાવે છે. વિવિધ માપના પાળિયાના માપ જોતા જણાય છે કે પાળિયાના સ્મારકમાં શિલાના માપ માટે કોઇ ચોક્કસ નિયમો જણાતા નથી.

હળવદ શહેરના પાળિયાના આકારની બાબતમાં પણ કોઇ ખાસ તફાવત જોવા મળતો નથી. મોટેભાગે પાળિયાઓ શિખરભાગે અર્ધગોળાકાર કલામય ખૂણા કાઢેલા, સપાટ લંબચોરસ, બિન અલંકૃત અર્ધગોળાકાર શિખર ધરાવે છે. શિખર ભાગે સૂર્ય-ચંદ્ર પ્રતિકો છે. કેટલાક પાળિયામાં સૂર્ય ગોળાકાર કે વક્કાર કિરણો વાળો અને અર્ધચંદ્ર પ્રતિકો જોવા મળે છે. કેટલાક પાળિયામાં સૂર્ય-ચંદ્રના પ્રતિકો વચ્ચે શિવલિંગનું પ્રતિક પણ કંડારેલ છે. સતીઓના પાળિયામાં સૂર્ય-ચંદ્ર પ્રતિકો વચ્ચે અર્ધગોળાકારમાં ઉપસાવેલા ટપકાની ડિઝાઇન કોતરેલ છે.

પાળિયાઓ પર પ્રતિકો સાથે વિવિધ ભૌમિતિક ડિઝાઇન પણ કંડારેલ છે. ખાસ કરીને શિખરભાગે અને મધ્યભાગની આજુ-બાજુ ડિઝાઇનયુક્ત કોતરકામ જોવા મળે છે. કેટલાક પાળિયાઓના શિખરભાગે સમાંતર રેખાઓ વચ્ચે સૂર્ય-ચંદ્રના પ્રતિકો વચ્ચે સમાંતર રેખાઓ વચ્ચે, મધ્યફલકની બંને બાજુએ સમાંતર રેખાઓ વચ્ચે અંગ્રેજી વી આકારે પાંદડી ડિઝાઇન અથવા રેખાઓ કોતરેલ છે. કેટલાક પાળિયાઓમાં મધ્યફલક અને શિખરભાગની વચ્ચે તથા મધ્યફલક અને નિમ્નફલક વચ્ચે તોરણભાત પણ કંડારેલ છે. કેટલાક શૂરવીરોના પાળિયાની મધ્યફલકની બંને બાજુ મંદિરના સ્તંભ આકારે થાંભલીઓ અને તેની ઉપર સમાંતર અર્ધગોળાકાર અને ચોરસ ભૌમિતિક આકાર સુંદર ભાગ ઉપસાવે છે.

હળવદ શહેરના પાળિયાના મુખ્ય શિલ્પમાં થોડેઘણે અંશે જ તફાવત જોવા મળે છે. મોટેભાગે પાળિયાના મુખ્ય શિલ્પના કંડારકામમાં સમાનતા જોવા મળે છે. શૂરવીરોના પાળિયા મોટેભાગે અશ્વસવાર કંડારેલ છે. જેમાં યૌધ્ધાના એક હાથમાં ભાલો અને એક હાથમાં ઢાલ, ઢાલવાળા હાથમાં અશ્વની લગામ, કમરે કટાર, માથે મુગટ અથવા ગોળ પાઘડી, ગળામાં હાર, ઘૂંટણથી નીચે સુધી અંગરખુ અને ચોયણી, કેટલાક શિલ્પમાં હાથમાં ભાલો પાસે ધનુષ પણ કંડારેલ છે. એક પાળિયામાં હાથમાં બાણ ચડાવેલ ધનુષ ધારણ કરનાર યૌધ્ધાનું શિલ્પ છે. કેટલાક શિલ્પમાં શણગારયુક્ત અશ્વ પણ જોવા મળે છે. હળવદ શહેરના મોચી સમાજના પાળિયાઓમાં પદાતિ અને અશ્વસવાર શિલ્પ કંડારેલ છે. આ પાળિયાના શિલ્પ કંડારકામ સાદુ

જણાય છે. તેમજ સામાજિક દરજ્જાની અસર પણ પાળિયાના મુખ્ય શિલ્પના કંડારકામમાં જોવા મળે છે.

હળવદ શહેરના સતીના પાળિયામાં મુખ્ય શિલ્પમાં ચૂડીવાળો જમણા હાથનો પંજો, હાથે બાજુબંધ, હથેળીના પંજામાં ફૂલ કે ગોળાકાર ચિન્હ અંકિત છે. કેટલાક પાળિયાઓમાં સુંદર અલંકૃત ચૂડીઓ કંડારેલ છે. તેમજ કેટલાક પાળિયામાં અંગુઠામાં અંગુઠી પણ કંડારેલ છે. તેમજ કેટલાક પાળિયામાં હાથના શિલ્પ પાસે સ્વસ્તિક ચિન્હ, ઉંધા ઉપસાવેલ ગોળાકાર આકારે ફૂલ ડિઝાઇન અથવા અલંકૃત દિપક જેવી ડિઝાઇન કોતરેલ જોવા મળે છે. કેટલાક પાળિયાઓમાં માત્ર ચૂડીવાળો હાથ જ કંડારેલ જોવા મળે છે. કેટલાક સતીના પાળિયામાં હાથના વળાંકમાં ભિન્નતા જોવા મળે છે. મોચી સમાજના કુંવારી સતીના પાળિયામાં માત્ર સીધો હાથનો પંજા કંડારેલ છે.

પાળિયાની દિશા સાથે પણ કેટલિક ભાવના સંકળાયેલી જોવા મળે છે. માટે પાળિયા માંડવામાં તેના ફલકની દિશા ઘણી મહત્વની બાબત જણાય છે. જેમ મંદિરો પૂર્વાભિમુખ બાંધવામાં આવે છે. તેમ મોટેભાગે પાળિયાના ફલકની દિશા પણ પૂર્વાભિમુખ જોવા મળે છે. હળવદ શહેરના પાળિયામાં ફલક પૂર્વ દિશા તરફ જ જોવા મળે છે. પાળિયામાં અશ્વની ગતિ ઉત્તર તરફની કંડારેલ છે. અશ્વ, ઉંટ કે અશ્વરથનું મુખ ઉત્તર તરફ ગતિમાન કંડારેલ છે.

પાળિયાલેખ ઇતિહાસમાં આધારભૂત સાધન ગણવામાં આવે છે. પાળિયામાં નિમ્ન ફલક પર લેખ કંડારેલ હોય છે. આ પાળિયા લેખ પરથી મરનારનું નામ, સંવત, તિથિ અને મહિનાનું નામ, વર્ષ, મૃત્યુ નિમિત ઘટના, તે સમયની ભાષા અને લિપિ, જ્ઞાતિ, વંશજોના નામ અને કેટલિકવાર રાજકીય ઘટનાઓ વિશે પણ માહિતી મળી છે. હળવદ શહેરના કેટલાક પાળિયાલેખ સ્પષ્ટ છે, તો કેટલાક પાળિયાલેખ તદન ઘસાયેલ અવસ્થામાં છે. કેટલાક પાળિયાલેખમાં માત્ર વિક્રમ સંવત ઉકેલી શકાય છે. કેટલાક પાળિયાઓમાં વિક્રમ સંવત સાથે શક સંવત પણ દર્શાવેલ છે. તેમજ ગુજરાતી મહિનાના નામ, તિથિ, મરનારનું નામ અને તેના વંશજના નામ કંડારેલા છે. તેમજ કેટલાક લેખની શરૂઆત ‘શ્રી ગણેશાય નમઃ’, ‘સ્વસ્તિ શ્રી’, જેવા શબ્દોથી થાય છે. લેખના અંતે ‘કામ આવ્યા છે.’ ‘સ્વર્ગસ્થ થયેલ’ જેવા ‘સહગમન કીધુ’, ‘સાગવન કિધા’, ‘રામશરણ થયેલ’ જેવા શબ્દોના પ્રયોજન કરેલ છે. આ પાળિયા લેખ ગુજરાતી ભાષા અને દેવનાગરી લિપિમાં કોતરેલ છે. મોટેભાગે લેખોના લખાણમાં સામ્યતા જોવા મળે છે. કેટલાક પાળિયાલેખના લખાણ ભૂલ પણ જોવા મળે છે. જેનું કારણ ગ્રામ સલાટ અભણ હોવાથી શક્યતા હોઇ શકે છે.

### ❖ પાળિયા પૂજા વિશે સામાજિક અને ધાર્મિક પરંપરા

સમાજમાં જેમ દેવી દેવતાઓની પૂજા થાય છે તેમ પાળિયાની પૂજા પણ થાય છે. હળવદ શહેરના પાળિયાની પૂજા પરંપરાગત રીતે પ્રસ્થાપિત કરવામાં આવી છે. પાળિયા સાથે કુટુંબના વડવામાં પ્રતિક તરીકે વિવિધ ચમત્કારી દંતકથાઓ પણ સંકળાયેલી છે. પાળિયાને સિંદુર, ધૂપ, દીપ, ધજા અને નૈવેધ પણ ચડાવવામાં આવે છે. કેટલાક પરિવારમાં લગ્ન પછી ધજા ચડાવે, છતર, ચુંદડી ચડાવવાનો રિવાજ પણ જોવા મળે છે. કેટલાક લોકો બાધા-આખડી

પણ રાખે છે અને પાળિયાની પૂજા કરે છે. આજે પણ લોકજીવનમાં પાળિયા ખૂબ જ ચમત્કારી, બળવાન અને ચિરંજીવી છાપ ધરાવે છે. તેમજ લોકદેવ તરીકે લોકમાનસમાં સ્થાન ધરાવે છે.

❖ **સમાપન**

પાળિયા જેમ લોક સંસ્કૃતિના પ્રતિક છે. તેવી જ રીતે ઇતિહાસની ખૂટતી કડીરૂપ માધ્યમનું કામ કરે છે. પાળિયાના યોગ્ય અભ્યાસ અને પાળિયા લેખની યોગ્ય ચકાસણી દ્વારા માત્ર રાજકીય તવારિખ જ નહી, પરંતુ સમકાલીન સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસની વિવિધ કડીઓની દિશાના નિર્દેશો મળે છે. હળવદ શહેરના પાળિયા સૃષ્ટિનો અભ્યાસની દ્રષ્ટિએ જોઇએ તો જનહિતાર્થે યુધ્ધમાં મૃત્યુ પામનાર અને તેની પાછળ સતી થનાર વિરાંગનાઓના અલંકૃત પાળિયાઓ વધારે જોવા મળે છે. હાલ મોટેભાગે પાળિયાઓ જર્જરિત અવસ્થામાં છે અને કેટલાક પાળિયા નષ્ટ પણ થયા છે. મોટેભાગે પાળિયાલેખ ઘસાયેલ અવસ્થામાં જોવા મળે છે. છતાં પણ હાલ પાળિયાઓની જાળવણી માટે પ્રયાસ થઇ રહ્યા છે. વળી, શિલ્પસ્થાપત્યની દ્રષ્ટિએ જોતા આ પાળિયાઓ મોટેભાગે સમાનતા ધરાવે છે. પાળિયા સ્થાપત્ય એ લોકસંસ્કૃતિનું સ્થાપત્ય હોવાથી તેની સાથે લોકકલાની ભાવની સંકળાયેલ છે. આ કલાને જાણકારી અલંકૃત પાળિયાના શિલ્પ કંડાર પરથી પ્રાપ્ત થાય છે. હળવદ શહેરના પાળિયા પરથી તે સમયના રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસની જાણકારી પ્રાપ્ત થાય છે. તેમજ સમાજમાં પ્રચલિત ધાર્મિક પરંપરાઓની જાણકારી પણ મળે છે.

**પાદનોંધ**


૧. ભગવતસિંહજી, ભગવદ ગોમંડળ, ૧૯૮૬, પૃ-૫૬૧૮

૨. પલાણ નરોત્તમ, પાળિયાની વિભાવના, ઉર્મિનવરચના, ઓક્ટો-નવેમ્બર ૧૯૭૫, પૃ-૪૨૧

૩. સ્મૃતિગ્રંથ, શ્રી હળવદ ભવન, પ્રકાશક-હળવદ ભવન ટ્રસ્ટ, અમદાવાદ, પૃ-૧

૪. શાસ્ત્રી હ.ગં., પરિખ ર.છો., સોલંકીકાલ, ભાગ-૪, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ, પ્ર.આ.૧૯૭૬, પૃ-૮૦

૫. દેસાઇ શંભુપ્રસાદ, સૌરાષ્ટ્રના કેટલાક યાદગાર યુધ્ધો, પથિક અંક-૮-૯, જુન-૧૯૭૦, પૃ-૫૧૮

૬. હેલ્લો હળવદ(સાપ્તાહિક), દિપોત્સવી વિશેષાંક, અંક નં.૭-૮, હળવદ, ૨૦૦૦, પૃ-૨